# સાંદીપનિ - વાલ્મીકી - વેદવ્યાસ - અત્રિ - વશિષ્ટ - વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા

## પ્રથમ પરીક્ષા - ૨૦૨૪

તારીખ : ૧૮-૧૦-૨૦૨૪ | કુલ ગુણ: ૫૦

વાર : શુક્રવાર | ધોરણ : ૧૧ વિષય : નામાનાં મૂળતત્ત્વો | સમય : ૨ કલાક

સૂચના : (1) બધા જ વિભાગ તથા પ્રશ્નો ફરજિયાત છે. (2) જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે.
(3) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો. (4) પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

### વિભાગ - A

★ નીચેના આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (પ્રત્યેકનો 1 ગુણ) **10**

(1) નીચેનામાંથી કયા લક્ષણનો હિસાબી માહિતીના ગુણાત્મક લક્ષણોમાં સમાવેશ થતો નથી ?
(A) સમજક્ષમતા (B) વ્યવહારોનું અર્થઘટન
(C) સુસંગતપણું (D) વિશ્વાસપાત્રતા

(2) ધંધાના આર્થિક વ્યવહારનેસ કયું લક્ષણ લાગુ પડતુ નથી ?
(A) રોકડ વ્યવહાર (B) ઉધાર વ્યવહાર
(C) બાહ્ય વ્યવહાર (D) નાણા મૂલ્ય સિવાયનો વ્યવહાર

(3) વસ્તુઓ અને સેવાઓ કરના અમલનું વર્ષ ............. છે.
(A) 2016 (B) 2015 (C) 2014 (D) 2017

(4) આમનોંધ એ હિસાબી વ્યવહારોનો ............. છે.
(A) મૂળભૂત ચોપડો (B) મુખ્ય ચોપડો (C) આખરી ચોપડો (D) અન્ય ચોપડો

(5) માલની ઉધાર ખરીદી થાય ત્યારે...
(A) મિલકત વધે - દેવુ વધે (B) મિલકત ઘટે - દેવું વઘટે
(C) મિલકત વધે - દેવુ ઘટે (D) મિલકત ઘટે - દેવુ વધે

(6) ઉધાર ખરીદેલ માલ પરત કરવામાં આવે ત્યારે માલની સાથે વેપારીને શું મોકલવામાં આવે છે ?
(A) લેણીહૂંડી (B) જમા ચિઠ્ઠી (C) ઉધાર ચિઠ્ઠી (D) દેવીહૂંડી

(7) ............. એ આમનોંધ અને રોકડ ખાતાની ગરજ સારે છે ?
(A) રોકડ મેળ (B) વેચાણ નોંધ (C) વેચાણ પરત નોંધ (D) લેણીહૂંડી નોંધ

(8) અન્ય પેટાનોંધોમાં ન નોંધાતા હોય તેવા હિસાબી વ્યવહારો કયા ચોપડામાં નોંધાય છે ?
(A) આમનોંધ (B) ખાસ આમનોંધ (C) રોકડમેળ (D) અન્ય નોંધો

(9) પાઘડી એ કેવી મિલકત છે અને તેની બાકી કેવી હોય છે ?
(A) દૃશ્ય મિલકત, ઉધાર બાકી (B) અવાસ્તવિક મિલકત, જમા બાકી
(C) દૃશ્ય મિલકત, જમા બાકી (D) અદૃશ્ય મિલકત, ઉધાર બાકી

(10) ગાણિતિક દૃષ્ટિએ કાચું સરવૈયું સાચું એટલે...
(A) ઉધાર બાજુનો વધુ સરવાળો (B) જમા બાજુનો વધુ સરવાળો
(C) બંને બાજુનો સરખો સરવાળો (D) બંને બાજુનો સરવાળો શૂન્ય

### વિભાગ - B

★ નીચેના આપેલ પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો. (પ્રત્યેકનો 1 ગુણ) **5**

(11) ઘાલખાધ ધંધા માટે શું કહેવાય છે ?

(12) વસેક પરત જમા એટલે શું ?

(13) RTGS નું પૂરું નામ જણાવો.

(14) ખાસ આમનોંધનો નમૂનો કોના જેવો હોય છે ?

(15) ખાતાવહીનાં કયા સ્વરૂપો પ્રચલિત છે ?

### વિભાગ - C

★ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (કોઈપણ ત્રણ) (પ્રત્યેકના 3 ગુણ) **9**

(16) નીચેના ખાતાઓના પ્રકાર જણાવી વર્ગીકરણ કરો.
1. ઉપાડ ખાતું 2. રોકડ ખાતું 3. પગાર ખાતું
4. જમીન ખાતું 5. આવકવેરા ખાતું 6. ઘાલખાધ પરત ખાતું

Master Classes Chirag Prajapati 9824149446

(17) નીચેના વ્યવહારોની આમનોંધ લખીને તે વ્યવહરોની હિસાબી સમીકરણ પર અસર સમજાવો.

1. મનોજભાઈ દ્વારા રૂ. 20,000 રોકડ અને રૂ. 10,000 નું ફર્નિચર લાવી ધંધો શરૂ કરવામાં આવ્યો.
2. રૂ. 5,000 બેંકમાં ભરીને ખાતું ખોલાવ્યું.
3. રૂ. 10,000 નો માલ મુકેશભાઈ પાસેથી ખરીદ્યો.

(18) નીચેના વ્યવહારોની શ્રી રાજુભાઈના ચોપડે ખાસ આમનોંધ લખો.

1. રૂ. 8,000 ની હૂંડી અલ્પેશભાઈ પર લખી, જે તેણે સ્વીકારી પરત કરી.
2. રૂ. 10,000 નો માલ દુકાનમાંથી ચોરી ગયો જેની સામે વીમા કંપનીએ 75% રકમનો દાવો મંજૂર કર્યો.
3. રૂ. 3,000 મિતુલભાઈ પાસે લેણાં છે જે રકમ હવે મળી શકે તેમ નથી.

(19) ખાસ આમનોંધમાં નોંધાતા વ્યવહારોનું વર્ગીકરણ જણાવી કોઈ બેની સમજ આપો.

## વિભાગ - D

★ **નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (કોઈપણ બે) (પ્રત્યેકના 4 ગુણ)** 8

(20) નીચેના વ્યવહારો પરથી ગુજરાત સ્ટોર્સના ચોપડે ખરીદ નોંધ અને ખરીદ પરત નોંધ તૈયાર કરો.

2024 જાન્યુ.-1 રૂ. 1,00,000 નો માલ પંજાબ સ્ટોર્સ માંથી 5% વેપારી વટાવે ખરીદ્યો.

જાન્યુ.-3 મહારાષ્ટ્ર સ્ટોર્સ પાસેથી રૂ. 60,000 નો માલ ખરીદ્યો. શાખનો સમય 1 માસ. વેપારી વટાવ 10% બિલ નં. 330.

જાન્યુ.-10 રૂ. 50,000 નો માલ કેરાલા સ્ટોર્સ પાસેથી શાખ પર ખરીદ્યો અને 50% ભાગનાં નાણાં તરત જ ચૂકવી આપ્યા.

જાન્યુ.-17 મહારાષ્ટ્ર સ્ટોર્સ પાસેથી ખરીદેલ માલમાંથી 1/3 ભાગનો માલ પરત કરી દીધો. ઉધાર ચિઠ્ઠી નં. 43

જાન્યુ. 31 હરિયાણા સ્ટોર્સ માંથી રૂ. 50,000 નો માલ 10% વેપારી વટાવે અને 5% રોકડ વટાવે રોકડેથી ખરીદ્યો.

(21) નીચેના વ્યવહારો પરથી મહેતા ફર્નિચર માર્ટના ચોપડે વેચાણ નોંધ અને વેચાણપરત નોંધ તૈયાર કરો.

2024 સપ્ટે.-1 રૂ. 10,000 નો માલ 10% રોકડ વટાવે રાજેશ ફર્નિચર માર્ટને વેચ્યો. તેણે અડધા નાણાં તરત જ ચૂકવી આપ્યા.

સપ્ટે.-7 રૂ. 8,000 નો માલ 10% વેપારી વટાવે અને 5% રોકડ વટાવે જાની ફર્નિચર માર્ટને વેચ્યો. શાખનો સમય 1 માસ. મજૂરી પેટે રૂ. 100 ચઢાવીને બિલ નં. 130 મોકલી આપ્યું.

સપ્ટે.-15 રાજેશ ફર્નિચર માર્ટ રૂ. 5000 નો માલ પરત કર્યો. માલ પરત મળ્યો તેથી તેને જમા ચિઠ્ઠી નં. 20 મોકલી આપી.

સપ્ટે.-25 એક જૂનું યંત્ર રૂ. 5000 માં શાખ પર મહેશને વેચ્યું. શાખનો સમય 1 માસ.

સપ્ટે.-30 રૂ. 30,000 નો માલ રાવલ ફર્નિચર માર્ટને 5% વેપારી વટાવે વેચ્યો. 5% વસેક અને રૂ. 200 મજૂરીના ચઢાવીને બિલ નં. 140 મોકલાવી આપ્યું.

(22) શ્રી નિલેશભાઈના ચોપડે તા. 31-3-2024 ના રોજની બાકીઓ પરથી કાચું સરવૈયું તૈયાર કરો.

| ઉધાર બાકીઓ | રકમ (રૂ.) | જમા બાકીઓ | રકમ (રૂ.) |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | 20,000 | લેણદારો | 10,000 |
| વેચાણ | 48,000 | પ્લાન્ટ - મશીનરી | 20,000 |
| મૂડી | 52,000 | વીજળી - ખર્ચ | 1,000 |
| મજૂરી | 4,000 | પાઘડી | 8,000 |
| સમારકામ | 1,000 | પરચૂરણ આવકો | 5,000 |
| વેરા | 1,000 | બેંક સિલક | 3,000 |
| બેંક લોન | 20,000 | મળેલ કમિશન | 3,000 |
| જમીન-મકાન | 50,000 | ખરીદી | 30,000 |

Master Classes Chirag Prajapati 9824409446

## વિભાગ - E

★ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (કોઈપણ ત્રણ) (પ્રત્યેકના 6 ગુણ)

(23) નીચેના વ્યવહારો પરથી શ્રી નયનભાઈ ચોપડે આમનોંધ લખો.

| | | |
|---|---|---|
| 2024 માર્ચ-1 | | રૂ. 50,000 રોકડા, રૂ. 20,000 ના દેવાદારો, રૂ. 10,000 નો માલ સ્ટોક તથા રૂ.5,000 ના લેણદારો લાવી ધંધો શરૂ કર્યો. |
| | માર્ચ-2 | SBI બેંકમાં રૂ. 10,000 રોકડ ભરી ખાતું ખોલાવ્યું. |
| | માર્ચ-5 | રૂ. 20,000 નો માલ નરસિંહભાઈ પાસેથી 10% વેપારી વટાવ અને 10% રોકડ વટાવે ખરીદ્યો. અડધા નાણાં ચેકથી ચૂકવ્યા. |
| | માર્ચ-7 | મજૂરીના રૂ. 2,000 ચેકથી ચૂકવ્યા. |
| | માર્ચ-15 | પુત્રના જિંદગીના વીમા પ્રીમિયમ રૂ. 2,000 અને આગના વીમાનું પ્રીમિયમ રૂ. 3,000 બંને ચેકથી ચૂકવ્યા. |
| | માર્ચ-20 | રૂ. 100 ની નોટ બકરી ખાઈ ગઈ. |

(24) નીચેના વ્યવહારો પરથી નમ્રતાનો ત્રણ ખાનાવાળો રોકડ મેળ તૈયાર કરો.

| | | |
|---|---|---|
| 2024 | ઓગ.-1 | શરૂઆતની રોકડ સિલક રૂ. 7,000, શરૂની બેંક સિલક રૂ. 6,000. |
| | ઓગ.-3 | રોકડ ખરીદી રૂ. 6000, રોકડ વેચાણ રૂ. 7,000 |
| | ઓગ.-5 | રૂ. 3,000 બેંકમાં ભર્યા. |
| | ઓગ.-8 | રૂ. 3,000 નો માલ 10% રોકડ વટાવે માનસીને વેચ્યો. માનસીએ જરૂરી રકમનો એક આપ્યો. જે બેંકમાં ભર્યો. |
| | ઓગ.-28 | બંસરીને જૂના દેવા પેટે રૂ. 6050 નો ચેક આપ્યો. કુલ દેવુ રૂ. 6100 નું હતું. |
| | ઓગ.-30 | ગોપીએ તેના રૂ. 2040 ના દેવા પેટે રૂ. 2,000 રોકડા ચૂકવી આપ્યા. |

(25) નીચે આપેલ શ્રી કિરીટભાઈના પેટા રોકડમેળમાં ખૂટતી વિગતો જ્યાં પ્રશ્નાર્થ ચિહ્ન કરેલ છે ત્યાં યોગ્ય જવાબ લખી પૂર્ણ કરો.

શ્રી ____?____ નો પેટા રોકડ મેળ

| આવક (રૂ.) | તારીખ | વિગત | ? | ચૂકવેલ કુલ રકમ | વિવિધ ખર્ચની વિગત | | | | | ખા.પા. | ? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | મજુરી (રૂ.) | ચા-પાણી (રૂ.) | ? | તાર-ટપાલ | લારી ભાડુ | | |
| ? | 2024 સપ્ટે.1 | શરૂઆતની સિલક | | | | | | | | | |
| 1500 | " 1 | મુખ્ય કેરરિયર ખાતે | | | | | | | | | |
| | " 3 | સ્ટેશનરી ખર્ચ ખાતે | | 1,200 | - | - | 1,200 | - | - | - | - |
| | " 4 | મજુરી ખાતે | | 800 | 800 | - | - | - | - | - | - |
| | " 5 | લારી ભાડા ખર્ચ ખાતે | | 200 | - | - | - | - | ? | - | - |
| | " 7 | ચા-પાણી ખર્ચ ખાતે | | ? | - | 200 | - | - | - | - | - |
| | " 8 | ? | | 250 | - | - | - | 250 | - | - | - |
| | " 10 | તુષાર ખાતે | | 2,000 | - | - | - | - | - | - | 2,000 |
| | | | | 4,650 | 800 | 200 | ? | 250 | 200 | - | ? |
| | " 10 | બાકી આગળ લઈ ગયા | | ? | | | | | | | |
| 5000 | ? | | | 5,000 | | | | | | | |
| ? | " 11 | બાકી આગળ લાવ્યા | | | | | | | | | |

(26) નીચે આપેલા વ્યવહારો પરથી જનકભાઈની આમનોંધ તૈયાર કરી ખતવણી કરો. (બા.જે.જરૂરી નથી.)

| | | |
|---|---|---|
| 2024 | જૂન-1 | રૂ. 40,000 રોકડા લાવી ધંધો શરૂ કર્યો. |
| | જૂન-4 | રૂ. 10,000 નો માલ નિલેષભાઈ પાસેથી અને રૂ. 8,000 નો માલ કમલેશભાઈ પાસેથી શાખ પર ખરીદ્યો. |
| | જૂન-5 | રૂ. 8,000 બેંકમાં ભર્યા. |

●●●●●

Master Classes Chirag Prajapati 9824494446